જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૫/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૭૮/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી, ૧૧૫ લીટર દેશી દારૂ, ૨૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૩૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૭૯/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## દુષ્પ્રેરણની ફરીયાદ :- સમાચાર યાદી નં.૯૮૦/૧૬

**ઘાટલોડીયા** : લક્ષ્મીબેન તુલસીભાઇ કોરડીયા (ઉ.વ.૪૭)(રહે,હનુમાનપુરાનો ખાડો, BRTS બસ સ્ટેન્ડની સામે, જુના વાડજ) એ તા.૨૬/૫/૧૬ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાની પુત્રી હેતલબહેન (ઉ.વ.૨૧) સાથે પ્રેમ લગ્ન કરનાર આરોપી પિયુષ ગણેશભાઇ બારોટ (રહે, ઇશ્વરકાકા નગર સોસાયટી, કે.કેનગર રોડ, ઘાટલોડીયા) એ લગ્ન બાદ છેલ્લા અઢી વર્ષથી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન હેતલબહેનને શારીરિક તથા માનસિક ત્રાસ આપી આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ કરતાં, હેતલબહેને તા.૨૫/૫/૧૬ સવારનાં ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાની સાસરીમાં ઘરે રસોડામાં પોતાની જાત ઉપર જ્વલનશીલ પદાર્થ છાંટી સળગી જતા, સારવાર અર્થે તેમને વી.એસ.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૦૫/૨૦૧૬ બપોરનાં ૨/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.સી જાડેજા ચલાવે છે.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૯૮૧/૧૬

માધવપુરાઃ મહેફુજઆલમ હકીમઆલમ મન્સુરી (રહે.ઈદગાહ રોડ, કડીવાલા ટ્રાન્સપોર્ટની બાજુમાં, સીટી સેન્ટર કોમ્પલેક્ષની સામે, માધવપુરા) એ તા.૨૬/૫/૧૬ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૫/૧૬ રાતના ૮/૩૦ વાગ્યા પહેલા ઈદગાહ રોડ કડીવાલા ટ્રાન્સપોર્ટની બાજુમાંથી પોતાના ભત્રીજા રહેમતઅલી (ઉ.વ.૧૨) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ બી ખીલેરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૮૨/૧૬</u>**

**ઘાટલોડીયા** : પાર્થ મહેશકુમાર પટેલ (રહે, સોમેશ્વર સોસાયટી, સે-૨૭ ગાંધીનગર) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૫/૧૬ બપોરનાં ૩/૦૦ થી સાંજનાં ૫/૦૦ વાગ્યા દરમ્યાન મેમનગર લા શ્રોસીયા, નવી બનતી સાઇડની સામે રોડ ઉપર પાર્ક કરેલ પોતાની હ્યુડાઇ એસેંટ કારનો પાછળનો ડાબી બાજુનો કાચ તોડી, અજાણી વ્યક્તિએ કારમાંથી લીનોવો કંપનીનું લેપટોપ કિંમત રૂપિયા ૧૮,૦૦૦/-, ડેલ કંપનીનુ લેપટોપ જેની કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહિપતસિંહ તખતસિંહ ચલાવે છે.

**<u>ફ્રેન્ચ વેલ ઉપરથી પડી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૯૮૩/૧૬</u>**

**રીવરફ્રંટ ઈસ્ટઃ** ચંદ્રેશ કિશોરભાઇ રાઠોડ (ઉ.વ.૨૧) (રહે.સાબરમતી એચેર, સાબરમતી) તા.૨૫/૫/૧૬ બપોરનાં ૪/૩૦ વાગ્યાનાં સુમારે સાબરમતી ફ્રેચવેલ ઉપરથી નદીનાં પટમાં પડી જતાં, માથામાં ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેને પંચશીલ હોસ્પીટલમાં દાખલ કર્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રીવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ પ્રવિણસિંહ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૮૪/૧૬</u>**

**ચાંદખેડાઃ** સંતોષ સતદેવ યાદવ (ઉ.વ.૧૮) (રહે.શાલીગ્રામ-૧ મોટેરા રોડ ચાંદખેડા) એ તા.૨૬/૫/૧૬ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઈ કારણસર પંખાના હુકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ શ્રી નરેન્દ્રભાઈ ઓખાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)